# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 4-9-2024 Midday : 1.20 to 1.30
Day : Wednesday National News

### આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*******************************************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, બ્રુનેઈ ભારતની એક્ટ ઇસ્ટ પૉલિસી અને ભારત પ્રશાંત ક્ષેત્ર માટે એક મહત્વપૂર્ણ ભાગીદાર છે.
- ✓ ભારત અને બ્રુનેઈ વચ્ચે સેટેલાઇટ અને લૉન્ચ વાહનો માટે ટેલીમેટ્રી, ટ્રેકિંગ અને ટેલિકૉમ કમાન્ડ સ્ટેશનના સંચાલનમાં સહકાર અંગેના સમજૂતી કરાર થયા.
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં આજે કેન્દ્ર અને ત્રિપુરા સરકાર વચ્ચે સમજૂતીના કરાર પર હસ્તાક્ષર થશે.
- ✓ નવી દિલ્હીમાં આગામી 11થી 13 સપ્ટેમ્બર દરમિયાન ગ્રીન-હાઇડ્રોજન પર આંતરરાષ્ટ્રીય પરિષદની બીજી આવૃત્તિનું આયોજન કરાશે.
- ✓ ભારતીય હવામાન વિભાગે આજે ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છ તેમજ છત્તીસગઢમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM BRUNEI SINGAPORE VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બાંદેર સેરી બેગાવનમાં બ્રુનેઈના સુલતાન હાજી હસનલ બૉલ્કિયા સાથે સંવાદ કર્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું, બ્રુનેઈ ભારતની એક્ટ ઇસ્ટ પૉલિસી અને હિન્દ મહાસાગર લક્ષ્યમાં એક મહત્વપૂર્ણ ભાગીદાર છે, જે

બંને દેશ વચ્ચે ઉજ્જવળ ભવિષ્યની બાંહેધરી છે. સંવાદ દરમિયાન પ્રધાનમંત્રીએ વધુમાં કહ્યું કે....

*(બાઈટ – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)*

ભારત-બ્રુનેઈ સંબંધ અને એક્ટ ઇસ્ટ પૉલિસીને નવી ઊર્જા આપતા બંને પક્ષ વચ્ચે વ્યાપક ચર્ચા થઈ. બંને દેશના નેતાએ સંરક્ષણ, વેપાર અને રોકાણ, ઊર્જા, અંતરિક્ષ તકનીકી, આરોગ્ય અને ફાર્માસ્યૂટિકલ્સ, ક્ષમતા નિર્માણ, સંસ્કૃતિ અને લોકો વચ્ચે પરસ્પર સંપર્ક સહિત દ્વિપક્ષીય સંબંધોની પણ સમીક્ષા કરી હતી.

શ્રી મોદીએ ગઈકાલે બાંદેર સેરી બેગાવનમાં ભારતીય હાઈ-કમિશનના નવા કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યું. ત્યારબાદ તેમણે બ્રુનેઈમાં ઉમર અલી સૈફુદ્દીન મસ્જિદની મુલાકાત લીધી હતી.

# INDIA BRUNEI MoU

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બંદર સેરી બેગવાન ખાતે બ્રુનેઈના સુલતાન હાજી હસનલ બોલ્કિયા સાથે સંવાદ કર્યો હતો. દરમિયાન બંને નેતા સેટેલાઇટ અને લૉન્ચ વાહનો માટે ટેલીમેટ્રી, ટ્રેકિંગ અને ટેલિકૉમ કમાન્ડ સ્ટેશનના સંચાલનમાં સહકાર પરના એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર અને વિનિમયના સાક્ષી બન્યા હતા.

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને બ્રુનેઈના પરિવહન અને માહિતી સંચાર મંત્રી પેંગિરન દાતો શમહરી બિન પેંગિરન મુસ્તફાએ આ કરાર પર હસ્તાક્ષર કર્યા. પ્રધાનમંત્રી હવે બ્રુનેઈથી સિંગાપોર જવા રવાના થયા છે.

# PREZ-DELHI-LG

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દિલ્હીના ઉપરાજ્યપાલ  વિનય કુમાર સક્સેનાને કોઈપણ સત્તા, બોર્ડ, કમિશન અથવા વૈદ્યાનિક સંસ્થાના સભ્યોની રચના અને નિમણૂક કરવાની સત્તા આપી છે.  કેન્દ્રિય ગૃહમંત્રાલયે બંધારણના અનુચ્છેદ -239ના અનુસંધાનમાં એક જાહેરનામું પણ બહાર પાડ્યું છે.

# HOME MINISTRY- TRIPURA

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ઉપસ્થિતિમાં આજે નવી દિલ્હીમાં કેન્દ્ર અને ત્રિપુરા સરકાર, નેશનલ લિબરેશન ફ્રન્ટ ઑફ ત્રિપુરા અને ઑલ ત્રિપુરા ટાઈગર ફોર્સના પ્રતિનિધિઓ વચ્ચે સમજૂતીના કરાર પર હસ્તાક્ષર કરાશે.**

**દરમિયાન ત્રિપુરાના મુખ્યમંત્રી મનિક સાહા અને ગૃહ મંત્રાલય અને ત્રિપુરા સરકારના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે.**

**ઉત્તર પૂર્વમાં શાંતિ અને સમૃદ્ધિ લાવવા માટે કેન્દ્રએ 12 મહત્વના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આમાંથી ત્રણ કરાર ત્રિપુરા સાથે સંબંધિત છે. નરેન્દ્ર મોદી સરકાર દ્વારા અનેક કરારો પર હસ્તાક્ષર કરવાને કારણે લગભગ 10 હજાર લોકોએ શસ્ત્રો છોડી દીધા છે અને મુખ્ય પ્રવાહમાં જોડાયા છે.**

# JOSHI HYDROGEN

નવી દિલ્હીમાં આગામી 11થી 13 સપ્ટેમ્બર દરમિયાન ગ્રીન-હાઇડ્રોજન પર આંતરરાષ્ટ્રીય પરિષદની બીજી આવૃત્તિનું આયોજન કરશે. નવી અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રી પ્રહલાદ જોષીએ આજે એક કાર્યક્રમને સંબોધન દરમિયાન આ જાહેરાત કરી હતી.

શ્રી જોષીએ ભારત અને અન્ય વિકસિત દેશોને સ્વચ્છ અને હરિયાળી ઊર્જા સંક્રમણ તરફ દોરવામાં ગ્રીન-હાઇડ્રોજનની નિર્ણાયક ભૂમિકા અંગે વાત કરી હતી. તેમણે વિકાસશીલ ગ્રીન-હાઈડ્રોજન લેન્ડસ્કેપની શોધખોળ કરવા હિતધારકોને પ્રોત્સાહિત કર્યા.

શ્રી જોષીએ ઉંમેર્યું, આ ત્રણ દિવસના કાર્યક્રમનો ઉદ્દેશ્ય ગ્રીન-હાઈડ્રોજન લેન્ડસ્કેપ અંગે આપણી સમજને વધુ ઊંડી બનાવવાનો અને વૈશ્વિક વૈજ્ઞાનિક સમુદાયો અને ઉદ્યોગો સાથે જોડાણને પ્રોત્સાહન આપવાનો છે.

# MID BREAK NEWS NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો.

# RUSSIA ATTACKS UKRAINE

રશિયાએ યુક્રેન પર કરેલા અનેક મિસાઈલ હુમલામાં 51 લોકોના મોત નીપજ્યા છે. જ્યારે 200 લોકો ઇજાગ્રસ્ત થયાના અહેવાલ છે. આ હુમલો યુક્રેનના મધ્ય ભાગમાં આવેલા સૈન્ય શિક્ષણ સંસ્થાન પર કરાયો હતો.

યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ એક સંદેશમાં તેમને પોલ્ટાવામાં રશિયન હુમલાની માહિતી મળી હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું, આ હુમલામાં દૂરસંચાર સંસ્થાનની એક ઇમારતને નુકસાન પહોંચ્યું છે. રાષ્ટ્રપ્રમુખે હુમલા બાદ રાહત કાર્યમાં મદદ કરનારા લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# IMD-WEATHER

**ભારતીય હવામાન વિભાગે આજે ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છ, કોંકણ અને ગોવા, મધ્યપ્રદેશ, વિદર્ભ, અને છત્તીસગઢમાં ભારેથી અતિ ભારે વરસાદ માટે એલર્ટ જાહેર કર્યું છે.**

**વિભાગે ઉત્તર તમિલનાડુ, કર્ણાટકને અડીને આવેલા રાયલસીમા, રાજસ્થાન, દક્ષિણ મરાઠવાડાને અડીને આવેલા તેલંગાણા, દક્ષિણ હરિયાણા, પશ્ચિમ અને ઉત્તરપૂર્વ ઉત્તર પ્રદેશમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી પણ કરી છે. ઉત્તરાખંડ, પશ્ચિમ બિહાર, પૂર્વ ઝારખંડ, ગંગા પશ્ચિમ બંગાળ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ રાત્રિ દરમિયાન ભારે વરસાદ પડવાની સંભાવના છે.**

# SWISS EMBASSY BAGHDAD

અખાતી યુદ્ધના કારણે છેલ્લા 33 વર્ષથી ઈરાકના બગદાદમાં બંધ રહેલું સ્વિત્ઝર્લેન્ડનું દૂતાવાસ ફરી શરૂ કરાયું છે. ઇરાકના વિદેશ મંત્રીએ કહ્યું, આ દૂતાવાસ ફરી શરૂ થયું તે બંને દેશ વચ્ચે વિવિધ ક્ષેત્રમાં સહકાર અને મજબૂત દ્વિપક્ષીય સંબંધને દર્શાવે છે.

વર્ષ 1991માં અખાતી યુદ્ધના કારણે સ્વિત્ઝર્લેન્ડે ઇરાકમાં પોતાનું દૂતાવાસ બંધ કરી દીધું હતું.

# PREZ VP PM-PARALYMPICS MEDALS

પેરિસ પેરાલિમ્પિક્સમાં ભારતે અત્યાર સુધીમાં 3 સુવર્ણ, 7 રજત અને 10 કાંસ્ય ચંદ્રક સાથે કુલ 20 ચંદ્રકો જીતી લીધા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પેરાલિમ્પિક્સમાં ચંદ્રક જીતવા બદલ શરદ કુમાર, મરિયપ્પન થંગાવેલુ, અજીત સિંહ અને સુંદર સિંહ ગુર્જરને અભિનંદન પાઠવ્યા છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, સુશ્રી મુર્મુએ શરદ કુમાર અને મરિયપ્પનને પુરૂષોની ઊંચી કૂદ સ્પર્ધામાં રજત અને કાંસ્ય ચંદ્રક જીતવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે આશા વ્યક્ત કરી કે, ખેલાડીઓ આવનારા સમયમાં દેશનું ગૌરવ વધારશે.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું કે અજીત સિંહ અને સુંદર સિંહ ગુર્જરે જીત માટે દૃઢ નિશ્ચય અને પ્રતિબદ્ધતા દર્શાવી છે. દેશને તેમના પર ગર્વ છે. મરિયપ્પન થાંગાવેલુને અભિનંદન આપતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે તેમણે છેલ્લી ત્રણ પેરાલિમ્પિકમાં સતત ચંદ્રક જીતીને દેશને ગૌરવ અપાવ્યું છે. શ્રી મોદીએ શરદ કુમારને અભિનંદન આપતાં કહ્યું કે, તેમનું ઉત્કૃષ્ટ પ્રદર્શન દરેક માટે પ્રેરણાદાયી છે. પ્રધાનમંત્રીએ સુંદર સિંહ ગુર્જર અને અજિત સિંહને પણ અભિનંદન પાઠવ્યા હતા.

# UKRAINE RESIGN

યુક્રેનમાં સરકારમાં ફેરફાર થતાં પહેલાં જ મંત્રીમંડળના સભ્યો સહિત છ અધિકારીએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. માધ્યમોના જણાવ્યા મુજબ, ગઈકાલે વ્યૂહાત્મક ઉદ્યોગ મંત્રી એલેક્ઝાન્ડર કેમિશિન, ન્યાય મંત્રી ડેનિસ માલિઉસ્કા, પર્યાવરણ સંરક્ષણ મંત્રી રૂસ્લાન સ્ટ્રાઈકલેટ્સ, નાયબ પ્રધાનમંત્રી ઑલ્હા સ્ટેફનિશ્યના અને ઇરિના વેરેશચૂક તેમ જ યુક્રેનના સેટ પ્રૉપર્ટી ફંડના પ્રમુખ વિતાલી કૉવલે રાજીનામું આપ્યું છે.

રાષ્ટ્રપ્રમુખના સૌથી વરિષ્ઠ સહયોગીઓમાંથી એક રોસ્ટીસ્લાવ શૂરમાને પણ રાષ્ટ્રપ્રમુખના આદેશ મુજબ બરતરફ કરવામાં આવ્યા હતા.

# SHRILANKA PRESIDENT ELECTION

શ્રીલંકામાં રાષ્ટ્રપતિ ચૂંટણીના પહેલા તબક્કાના મતદાન અંતર્ગત રાજ્યક્ષેત્રના સાત લાખથી વધુ કર્મચારી આજથી ટપાલ મતપત્રના માધ્યમથી મતદાન કરશે. આ ચૂંટણીમાં 38 ઉમેદવાર મેદાનમાં છે. ઉલ્લેખનીય છે કે, 21મી સપ્ટેમ્બરે રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતદાન થશે.